# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ઉત્તર-પૂર્વ રાજ્યો હવે તકોની ભૂમિ બની રહ્યા છે.
2. વિદેશ સચિવ વિક્રમ મિસરી આજે ત્રણ બહુપક્ષીય પ્રતિનિધિમંડળોને તેમની વિદેશ યાત્રા અગાઉ ઓપરેશન સિંદુર અંગેની માહિતી આપશે.
3. ટ્રમ્પ વહીવટીતંત્રએ હાર્વર્ડ યુનિવર્સિટી પર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પર પ્રતિબંધ મૂક્યો.
4. મુંબઈમાં આજે અને આવતીકાલે ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.
5. આઈપીએલમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો.

..........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM NORTHEAST SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં રાઇઝિંગ નોર્થ ઇસ્ટ ઇન્વેસ્ટર્સ શિખર સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. શ્રી મોદીએ રોકાણકારોને વિવિધ ક્ષેત્રોમાં રોકાણની શક્યતા ચકાસવા અનુરોધ કરતા જણાવ્યું કે, ઉત્તરપૂર્વ રાજ્યો હવે તકોની ભૂમિ બની રહ્યા છે. ખાસ કરીને ઊર્જા અને સેમિકન્ડક્ટર્સ જેવા ક્ષેત્રો માટે તે મહત્વનાં રોકાણ કેન્દ્રો બની રહ્યાં છે.

**(PM BYTE NORTH EAST)**

કેન્દ્રીયમંત્રી મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું કે, સરકારે ઉત્તર-પૂર્વ રાજ્યોમાં માળખાકીય સુવિધાઓને વેગ આપવા અનેક પગલાં લીધાં છે.
તેમણે કહ્યું હતું કે, આ વિસ્તારમાં કુલ 17 હવાઇમથકો છે, જે 2000થી વધુ ઉડાન જોડાણો ધરાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ઉત્તર-પૂર્વ માં પરિવર્તનનો પવન ફૂંકાયો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ઉત્તર-પૂર્વ વિસ્તાર દક્ષિણ પૂર્વ એશિયાનો આંતરરાષ્ટ્રીય કોરિડોર બનશે.

**(PM BYTE JYOTIRADITYA SINDIA)**

બે દિવસીય શિખર સંમેલનનો ઉદ્દેશ ઉત્તર-પૂર્વ ક્ષેત્રને રોકાણ કરવાની તકોની ભૂમિ તરીકે પ્રકાશિત કરવાનો અને વૈશ્વિક અને સ્થાનિક રોકાણને આકર્ષવાનો છે. શિખર સંમેલનમાં મંત્રીઓનાં સત્રો, વેપાર-થી-સરકાર સત્રો, બેઠકો, સ્ટાર્ટઅપ અને નીતિના પ્રદર્શનો અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્રીય મંત્રાલયોની સંબંધિત પહેલોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . .

# Vikram misri briefing

વિદેશ સચિવ વિક્રમ મિસરી આજે સાંજે બહુપક્ષીય પ્રતિનિધિમંડળોને તેમની વિદેશ યાત્રા અગાઉ ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાન પ્રેરિત સરહદ પારના આતંકવાદ અંગેની માહિતી આપશે.

ભાજપના સાંસદ બૈજયંત પાંડા, કોંગ્રેસના સાંસદ શશિ થરૂર અને એનસીપી-શરદ પવાર જૂથનાં સુપ્રિયા સુળેના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ આવતીકાલે તેમની મુલાકાતો માટે રવાના થશે, જ્યારે ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ રવિવારે રવાના થશે.

. . . . . . . . . . . . . . .

# ALL PARTY DELEGATION VISIT

**પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો પર્દાફાશ કરવા રચવામાં આવેલા સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળમાંથી ડીએમકે સાંસદ કણિમોઝી કરુણાનિધિના નેતૃત્વમાં ત્રીજું પ્રતિનિધિમંડળ આજે મોસ્કો પહોંચ્યું.**

**પત્રકારો સાથે વાત કરતા સુશ્રી કણિમોઝીએ કહ્યું કે, રશિયા એક વ્યૂહાત્મક ભાગીદાર રહ્યું છે અને બંને દેશોએ હંમેશા રાજદ્વારી મુદ્દાઓ અને**

વેપાર પર સાથે કામ કર્યું છે. ભારત વારંવાર આતંકવાદી હુમલાઓનો સામનો કરી રહ્યું છે ત્યારે તેમણે રશિયા સાથે સંવાદનાં મહત્વ પર ભાર મૂક્યો.

આ બહુપક્ષીય પ્રતિનિધિમંડળ તેમની મુલાકાતના અંતિમ તબક્કામાં સ્પેન, ગ્રીસ, સ્લોવેનિયા અને લાતવિયાની મુલાકાત લેશે.

દરમિયાન, જેડી(યુ) સાંસદ સંજય ઝાના નેતૃત્વ હેઠળનાં પ્રતિનિધિમંડળે જાપાનના ટોક્યોમાં બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા, કોલંબિયા, ગ્રીસ અને દક્ષિણ કોરિયાના રાજદૂતો અને રાજદ્વારીઓ સાથે મંત્રણા કરી.

. . . . . . . . . . . . . . .

## howard university admission

ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડ યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પર પ્રતિબંધ મૂક્યો છે. અમેરિકન હોમલેન્ડ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી ક્રિસ્ટી નોએમે આ અંગે હાર્વર્ડ યુનિવર્સિટીને પત્ર લખ્યો છે. તેમણે કહ્યું હતું કે, તે એક વિશેષાધિકાર છે, યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓનો પ્રવેશ વિશેષ સુવિધા છે, અધિકાર નથી.

હાર્વર્ડ યુનિવર્સિટીને લખેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ વહીવટીતંત્રના આ નિર્ણય પછી હાલના વિદ્યાર્થીઓએ અન્ય સંસ્થાઓમાં જવું પડશે, નહીંતર તેઓ તેમનો કાનૂની દરજ્જો ગુમાવશે. તેમણે જણાવ્યું કે, યુનિવર્સિટીનું વહીવટીતંત્ર સરકારના નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યું છે. તેમણે કહ્યું કે આ નિર્ણયથી અન્ય યુનિવર્સિટીઓએ પણ સમજી

**લેવું જોઈએ કે ટ્રમ્પ વહીવટીતંત્ર કોઈ પણ કિંમતે કાયદાનો અમલ કરશે અને શૈક્ષણિક પરિસરમાં અમેરિકા વિરોધી અથવા યહૂદી વિરોધી પ્રવૃત્તિઓ સ્વીકારવામાં આવશે નહીં.**

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/ સ્લેશ/ ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MUMBAI keral rain

હવામાન વિભાગે મુંબઈ માટે આજે અને આવતીકાલ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. શહેરમાં ગાજવીજ સાથે ભારેથી અતિ ભારે વરસાદની અને 50 થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી આપવામાં આવી છે.

**હવામાન વિભાગે થાણે, પાલઘર, સિંધુદુર્ગ, પૂણે અને સતારાના ઘાટ પર ગાજવીજ અને તોફાની પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.**

**મહારાષ્ટ્રમાં છેલ્લાં એક સપ્તાહથી ભારે વરસાદ અને ગાજવીજ સાથે પવન ફૂંકાઈ રહ્યો છે. કમોસમી વરસાદથી કૃષિ પેદાશોને ભારે નુકસાન થયું છે.**

**કેરળમાં હવામાન વિભાગે કેટલાંક જિલ્લાઓમાં છુટોછવાયો ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.**

. . . . . . . . . . . . . . .

# SENSEX

સ્થાનિક શેર બજારો સેન્સેક્સ અને નિફ્ટી આજે વધારા સાથે ખુલ્યા હતા. પ્રારંભિક વેપારમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, આઇટી અને ઓટો શેરોમાં ખરીદી જોવા મળી હતી. છેલ્લાં અહેવાલ પ્રમાણે સેન્સેક્સ 870 થી વધુ પોઇન્ટ અને નિફ્ટી 280 પોઇન્ટનાં વધારા સાથે ટ્રેડ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . .

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના

વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે. લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 ના માધ્યમથી મોકલી શકે છે. લોકો પોતાના વિચાર નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. કાર્યક્રમ માટે મંતવ્ય અને વિચાર સ્વિકારવાનો આજે અંતિમ દિવસ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PUNJAB-AAP MLA ARRESTED

**આમ આદમી પાર્ટીના ધારાસભ્ય રમણ અરોરાની આજે જલંધરમાં પંજાબ વિજિલન્સ બ્યુરો દ્વારા ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલ છે. સૂત્રોએ જણાવ્યું છે કે આ ધરપકડ કથિત રીતે ભ્રષ્ટાચારના કેસ સાથે જોડાયેલી છે. ધરપકડ બાદ બ્યુરોએ તેમના નિવાસસ્થાને પણ દરોડા પાડ્યા હતા. વધુ વિગતોની રાહ જોવાઇ રહી છે.**

. . . . . . . . . . . . . . .

# Ipl

આઈપીએલમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે. આ મેચ લખનૌમાં સાંજે 7:30 વાગ્યાથી રમાશે.

ગઇકાલે અમદાવાદમાં રમાયેલી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે ગુજરાત ટાઇટન્સને 33 રનથી હરાવ્યું

લખનૌની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 235 રન બનાવ્યા. મિશેલ માર્શે 117 અને નિકોલસ પૂરને અણનમ 56 રન બનાવ્યા જવાબમાં, ગુજરાતની ટીમ ફક્ત 202 રન જ બનાવી શકી. મિશેલ માર્શને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યાં હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# Cricket Under-19

**બીસીસીઆઇ** ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની જુનિયર ક્રિકેટ સમિતિએ ઇંગ્લેન્ડ પ્રવાસ માટે અંડર-19 ટીમની જાહેરાત કરી છે. આયુષ મ્હાત્રે ટીમના સુકાની અને અભિજ્ઞાન કુંડુ ઉપ-સુકાની હશે. 14 વર્ષના વૈભવ સૂર્યવંશીને પણ ટીમમાં સામેલ કરાયા છે.

ભારતીય ટીમ આગામી 24 જૂનથી 23 જુલાઈ સુધી ઇંગ્લેન્ડના પ્રવાસમાં 50 ઓવરની એક પ્રેક્ટિસ મેચ, પાંચ વન-ડે અને બે બહુ-દિવસીય મેચ રમશે.

. . . . . . . . . . . . . . .

# IMF Pakistan

પાકિસ્તાનને આર્થિક સંકટમાંથી ટાળવા માટે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળની મદદ સામે ભારતના વાંધા વચ્ચે આઇએમએફે કહ્યું છે કે દેવાના બોજ હેઠળ દબાયેલો આ દેશ લોનનો તાજેતરનો હપ્તો મેળવવા માટે "તમામ જરૂરી લક્ષ્યાંકો પૂર્ણ કરે છે."

ઉલ્લેખનીય છે કે, ભારતે વાંધો ઉઠાવ્યો હોવા છતાં આઇએમએફએ તાજેતરમાં પાકિસ્તાનને એક અબજ ડોલરનાં પેકેજને મંજૂરી આપી હતી. ભારતના  ઓપરેશન સિંદૂરને પગલે પાકિસ્તાન ભારતમાં હૂમલા કરી રહ્યું તે સમયે જ ભારતે આઇએમએફને આર્થિક સહાય પર પુનર્વિચાર કરવા કહ્યું હતું.

. . . . . . . . . . . . . . .